સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

યત્ન પલાયનનો છતાં એકાંત ઉભરાય છે,
એકાંત અથાણે ખટમીઠા મસાલા ભભરાય છે
સંભરાય છે, પડે પડઘા, સંસ્મરણોના એકાંતે
હવે તો એકાંતથી પણ એકાંત ગભરાય છે.

હાઈકુ

ઘોર રાત્રિમાં,
સ્મરણોનાં તમરાં -
ફોલે એકાંત...

ઝબૂકે યાદ,
સૂમસાન રાતના -
ગાજે એકાંત

(બેન્ક-ખાયકીના વિચારથી હવે વોમીટ થાય છે.)

ચિંતન

સત્યેન ધાર્યતે પૃથ્વી, સત્યેન તપતે રવિઃ ।
સત્યેન વાતિ વાયુશ્ચ, સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ્ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સત્યને વેદોમાં 'ઋત' પણ કહેવામાં આવ્યું છે, તેના આધારે આ પૃથ્વી અને સમગ્ર બ્રહ્માંડ ટકી રહ્યા છે. ગીતામાં 'ૐ તત્ સત્ ઈતિ નિર્દેશો બ્રહ્મણ : ત્રિવિધઃ સ્મૃતઃ' અર્થાત ૐ, તત્ અને સત્ એ બ્રહ્મના ત્રણ નામો છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, જળ, તેજ, વાયુ જેવા મહત્ ભાવો તેના નિયમને અનુસરીને કામ કરતા હોય છે. સત્યનો આવો અપાર મહિમા છે. જે શક્તિ બ્રહ્માંડમાં છે તે આપણાં સહુના પિંડમાં ચૈતન્યશક્તિ રૂપે કામ કરી રહી છે.

સૂર્ય, ચંદ્ર અને ગ્રહ, નક્ષત્ર પણ આ સત્યના નિયમ પ્રમાણે ચાલતા હોય છે. એ સત્યના નિયમની આપણે જો અવગણના કરીએ તો એના ફળ આપણે ચોક્કસ ભોગવવા પડે છે. અને સત્યના એ સનાતન નિયમોનું પાલન કરી જીવનમાં સત્યમય આચરણ કરીએ તો આપણે જરૂર એની કૃપાના પાત્ર બની શકીએ.

સુવિચાર

- રાત્રે ઊંઘ ન આવી ? જરૂર તમે દિવસે ઉજાગરો વાળ્યો હશે - **ગુણવંત શાહ**
- શાણો સમાજ નિર્માણ પામશે ત્યારે હાસ્ય કલાકારોને મેડિકલ મિશનરી ગણવાનું શરુ થશે - **હોલીસ્ટીક હેલ્થ**
- શરીર તો રાક્ષસ છે રાક્ષસ, કહો તે કામ કરી આપે, પણ તેની ચોટલી તમારા હાથણાં હોવી જોઈએ - **રવિશંકર મહારાજ**
- કિરતારની કળાને નાળિયેરના પેટમાં પાણી ! - **જુની ગુજરાતી કહેવત**
- મુઠ્ઠી તાંદુલ પેટમાં પડે ત્યારે બધાં કાર્યોનો આરંભ થાય છે - **મહાભારત**
- અમે હાથ ચલાવ્યા તો અન્નની કોઠીઓ ભરાઈ ગઈ અને જીભ ચલાવી તો એ ખાલી થઈ ગઈ - **ચીની કહેવત**
- આજનું ઔષધ : સૂંઠ નરણા કોઠે ફાકવાથી શરીરમાં કોલેસ્ટ્રોલ અને ટ્રાઈ ગ્લિસરાઈડનું સ્તર ઘટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જાપાનના સોઈશિરો હોન્ડા કે જેઓ હોન્ડા કંપનીના માલિક તેમણે વિશ્વ આખામાં હોન્ડા કંપનીનું સફળ સંચાલન કર્યું છે. સામાન્ય ભણતર પણ ગજબની કોઠાસૂઝ અને ધંધાકીય આવડતથી તેઓ આગળ આવેલા.

તેમણે તેમનું વસિયતનામું પોતે જીવિત હતા ત્યારે જ જાહેર કરી દીધું હતું. તેમણે લખ્યું હતું, 'મારા મૃત્યુ પછી કોઈનેય જાણ કર્યા વિના મારા મદદનીશો અને પરિવારજનોએ મારા અંતિમ સંસ્કાર કરી દેવા, અંતિમ સંસ્કાર કર્યા બાદ જ અંગત પત્ર દ્વારા સૌ લાગતા વળગતાને મારા અવસાનની જાણ કરવી. શોકસભા, પ્રાર્થનાસભા કરવાની નથી. જે જયાં હોય ત્યાં જ મૌન પ્રાર્થના કરવી, શોક દર્શાવવા કોઈએ ટોકિયો આવવાની જરૂર નથી, જેમને મારા પ્રત્યે ખૂબ લાગણી હોય અને માન હોય તેમણે સૌએ મને શ્રદ્ધાંજલિરૂપે બ કલાક વધુ કામ કરવું. આ મારી માત્ર અંતિમ ઈચ્છા જ નથી અધિકારી તરીકેનો આદેશ પણ છે.'

કેવી અનોખી અંતિમ ઈચ્છા સોઈશિરો હોન્ડાની !! આ એમનો અનન્ય દેશપ્રેમ પણ હતો. તેઓ જાણતા હતા કે ૧૪૦ દેશોમાંથી એમની કંપનીઓના નાના-મોટા મોવડીઓ ટોકિયો ઉતરી પડશે. લાંબી સ્મશાન યાત્રા, પ્રાર્થનાસભા ચાલશે. જયાં ત્યાં ટ્રાફિક જામ થઈ જશે. ઉત્પાદન રખડી પડશે, આવનારા લોકોનું લાખો યેનનું અકારણ આંધણ થઈ જશે.

મારું મૃત્યુ દેશને નુકશાનકારક ન જ થવું જોઈએ. ઉત્પાદન - ઝંખના, કાર્યપ્રિયતા અને દેશપ્રેમના ત્રિવેદી સંગમ સમા હોન્ડા કાર કંપનીના સ્થાપક ૫, ઓગસ્ટ ૧૯૯૧ના રોજ સાદગીથી મૃત્યુ પામ્યા. અને સૌએ એમના વસિયતનામા (આદેશ) ને પાળી બતાવ્યો.

'ઈચ્છામૃત્યુ'નો સર્વોચ્ચ અદાલત દ્વારા આંશિક સ્વીકાર

તંત્રીસ્થાનેથી...

માણસને જીવનથી વધારે વહાલું કંઈ હોઈ શકે ખરું ? કોઈ પણ જીવ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ જીવવા માટે વલખાં મારતો હોય છે. પરંતુ ક્યારેક જીવન પોતે જ અસહ્ય રિબામણીનું કારણ બની જાય ત્યારે માનવી મૃત્યુને આવકારવાનું પસંદ કરે છે. રોજેરોજ બનતી આપઘાતની ઘટનાઓ પાછળ આવી જ અસહ્ય રિબામણી પડેલી હોય છે. આર્થિક અને સામાજિક વિટંબણાઓને કારણે થતી આત્મહત્યાઓ અટકાવવી જોઈએ. એ એવી સમસ્યાઓ છે જેનો કોઈને કોઈ સ્તરે ઉકેલ મળી શકે. પરંતુ જીવલેણ બિમારીમાં સપડાઈને રિબાતા જીવને કૃત્રિમ ઉપાયો દ્વારા જીવતો રાખવાથી નથી તો એને જીવ્યાનો આનંદ મળતો કે નથી એની સારસંભાળ લેનાર પરિવારજનોને સંતોષ થતો. વેન્ટિલેટર પર છાતીની ધમણ ધબકતી રાખી મરણાસન્ન માનવીને બિનજરૂરી તકલીફ જ આપવામાં આવતી હોય છે. આવા સંજોગોમાં 'પૅસિવ યુથેનેશિયા' - ઈચ્છામૃત્યુની મંજૂરી માટેની એક ઍનજીઓની અરજીને સુપ્રીમ કોર્ટે માન્ય રાખીને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કૉમામાં ગયેલ માણસ જો એવી દયાજનક સ્થિતિમાંથી બેઠો જ ન થવાનો હોય તો એને 'લિવિંદ વિલ' ના આધારે ઈચ્છામૃત્યુ આપી શકાશે. માણસને એણ લાગે કે મને અસાધ્ય બિમારીને કારણે નરી રિબામણી જ થવી છે ત્યારે એ પોતાની જિંદગીને કૃત્રિમ રીતે નહીં લંબાવવા માટેનું 'લિવિંગ વિલ' કરી શકાશે. એ કોઈ પણ સંજોગોમાં બચી શકે એમ છે જ નહીં, એનો નિર્ણય મેડિકલ બોર્ડ કરશે. 'લિવિંગ વિલ'ના અધિકારનો કેન્દ્ર સરકાર વિરોધ કરતી રહી છે કારણ કે આખરે તો એ આપઘાતને જ મંજૂરી આપવા જેવી બાબત છે. બંધારણમાં નાગરિકને જીવવાનો અધિકાર મળેલ છે, પોતાનું જીવન ટૂંપાવવાનો નહીં. આ દલીલ સામે 'લિવિંગ વિલ' ના સમર્થનમાં પ્રશાંત ભૂષણ જેવા પ્રતિષ્ઠિત વકીલે એવી દલીલ રજૂ કરી કે માણસને સન્માનભેર જીવવાની જેમ મરવાનો પણ અધિકાર હોવો જોઈએ. કેટલાક દેશોમાં 'ઍક્ટિવ યુથેનેશિયા'ને પણ માન્યતા સાંપડેલ છે, જેમાં અસાધ્ય બિમારીથી પીડાતા દરદીને ઈંજેકશન આપીને ઈચ્છામૃત્યુ આપી શકાય છે. અલબત્ત, કોઈ પણ ધર્મ આ પ્રકારના ઈચ્છામૃત્યુને મંજૂર કરતો નથી કારણ કે એ જીવનને ઈશ્વરની મરજીથી જ થઈ શકે એવી પરંપરાગત રૂઢ થઈ ગયેલી અને સર્વસ્વીકૃત માન્યતાની સામે રેશનાલિસ્ટો માનવીના જીવન પર એનો પોતાનો જ અધિકાર હોવો જોઈએ એવી દલીલો કરતા રહ્યા છે. જો કે સ્વિટ્ઝર્લેન્ડ અને સ્વીડન જેવા જૂજ દેશો સિવાય કોઈ દેશમાં આવા ઈચ્છામૃત્યુની છૂટ નથી. ભારતમાં આવી વાત કરવી એ પણ પાપ ગણાતું હોય ત્યારે સુપ્રીમ કોર્ટે 'લિવિંગ વિલ' નો અધિકાર આપીને 'પૅસિવ યુથેનેશિયા' ને કાયદેસર ગણાવ્યું તે આપણી ન્યાયમાલિકાના ઈતિહાસનો સીમાચિહ્નરુપ ચુકાદો છે. જો કે, અરુણા શાનબોગ જેવું ઈચ્છામૃત્યુ માગતા હતા તેની અદાલતે મજૂરી નથી જ આપી. ભીષ્મ પિતામહને ઈચ્છામૃત્યુનું વરદા એમના પ્રતાપી પિતા તરફથી પ્રાપ્ત થયું હતું. ભારતના આમ આદમીને સરકાર જો ગમે તેવી રિબામણી છતાં મરવાની છૂટ આપવા તૈયાર નથી પરંતુ સુપ્રીમ કોર્ટે એની આંશિક કહી શકાય એવી પણ દયા ખાધી છે ત્યારે આ ચુકાદાને આવકારવો જ રહ્યો.

ન મે ભક્તઃ પ્રણશ્યતિ - મારો ભક્ત કદી નશ પામતો નથી

જીવનદર્શન
પી. એમ. પરમાર

ગંગા, યમુના અને સરસ્વતીના મિલનને પવિત્ર ત્રિવેણી સંગમ કહેવાય છે એવો જ એકબીજો સંગમ છે ભક્ત, ભક્તિ અને ભગવાનનો. ભક્તિ એક એવું દ્રવ્ય છે જે ભક્ત અને ભગવાનને એક સાથે દ્રવિત કરે છે. સુદામાની તાંદુલની પોટલી માટે જ ખેંચતાણ થાય છે એ જોઈ શ્રીકૃષ્ણની આઠ આઠ પટરાણીઓ પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. એક મુઠ્ઠી ચોખામાં આખો રાજમહેલ ભેટ. ભગવાન કોઈનું ઉધાર બાકી રાખવા જ નથી, રોકડો જ હિસાબ.

ભગવાનની ભક્તિ કરવા ધનવાન હોવું ફરજિયાત નથી. એ હસ્તિનાપુરના રાજકુંવર દુર્યોધનના મેવા છોડી વિદુરની ભાજી ખાવા દોડી જાય છે. 'મારો હરિ કરે એ ખરું -' એવી નરસૈંયાની શ્રદ્ધા નિહાળી એ કુંવરબાઈનું મામેરુ રંગેચંગે ભરી જાય છે. મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ન કોઈ - એવું કાને પડતાં જ એ ઝેરના કટોરાને અમૃતનો પ્યાલો બનાવી દે છે. કર્માબાઈનો ખીચડો એ હોંશે હોંશે આરોગે છે. વાહ મારો પ્રભુ ! તું કેટલો મહાન છે !

ભક્તો ઉપર તો ભગવાનના ચારેય હાથ હોય છે. પ્રહ્લાદની સ્મરણશક્તિ જોઈ એ ધગધગતા થાંભલામાંથી ય પ્રગટ થઈ શકે છે. અચલ, અટલ ટેક માટે એ બાળશિશુ ધ્રુવને અચળપદ પદાર્પણ કરી શકે છે. ભરી સભામાં દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચાય છે ત્યારે એ નવસોને નવ્વાણું ચીર એક જ સ્થળે એક જ સમયે પૂરી શકે છે. એ માણસ તો શું એક હાથીનો પોકાર સાંભળી મગરના મુખમંથી ગજેન્દ્રમોક્ષ પ્રદાન કરી શકે છે.

એ કરુણાનિધાન માતંગઋષિના આશ્રમે એક શબરીને સામે ચાલીન મળવા જાય અને ચાખેલાં બોર હોંશે હોંશે ખાય ત્યારે શબરીની આંખમાં હર્ષાળુ આગળ કુબેરની સંપત્તિ પણ ઝાંખી પડી જાય! પ્રભુ કેટલો દયાળું છે ? શરણાગતને એ માત્ર આશ્રય જ નથી આપતા... એ વિભિષણને લંકાપતિ પણ બનાવી દે છે. હનુમાનજીની ભક્તિ ઉપર એ વારી જાય છે અને તુમ મમ પ્રિય ભરતસમ ભાઈથી પોંખે છે. બોલો શ્રી રામચંદ્ર કી જય.

અંબરીષ રાજાને કૃત્યા સમી રાક્ષસીથી ઉગારી લે છે, કંસની દાસી કુબ્જાનું કુરુપ દૂર કરી પ્રભુ તેના મનોરથ પૂરા કરે છે - એક દાસી સામે દાસ બની જવું એ ધારીએ એટલું સહેલું નથી - એ દ્વારકાધીશ જ કરી શકે ! કોઈ ભક્ત સેવામાં હોય ત્યારે ઈંટ ઉપર બેસવા આદેશ કરે તો વળી પાછા એ જ સિંહાસન છોડી ઈંટ ઉપર પણ બેસી શકે છે. ભક્તને આધીન ભગવાન તે આનું નામ. જે નામે કંકોત્રી લખો તે નામે હાજર.

ભગવાનને કેવા ભક્ત અતિપ્રિય છે ? ભક્તોએ કઈ કઈ રીતે ભક્તિ કરવી જોઈએ ? આ પ્રશ્નોના સ્પષ્ટ જવાબ ખુદ ભગવાન શ્રીમદ્ ભગવદ્ગીતામાં એવી રીતે આપે છે જાણે એ આપણી પાસે બેઠાના હોય ! એ કહે છે કે મારા ભક્ત, તું જે કંઈ પણ કર્મ કરે તે મને અર્પણ કર, તું મારામાં મનવાળો, મને પૂજનારો મારો ભક્ત થા. તું મને નમસ્કાર કર - તું મને જ પામીશ. તું મારામાં બુદ્ધિ પરોવ. જો મારામાં ચિત્ત સ્થિર કરવા તું સમર્થ નથી તો અભ્યાસયોગ વડે મને પામવાની ઈચ્છા કર.

એમ કરવામાં પણ જો તું અશક્ત હોય તો મારા માટે કર્મ કરવામાં તત્પર થા, એ પણ જો ન કરી શકે તો સર્વ કર્મફળનો ત્યાગ કરી મને ભજ. સાંભળ આ પણ ના થઈ શકે તો જ્ઞાન પ્રાપ્ત કર. અભ્યાસ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાન કરતાં ય ત્યાગ શ્રેષ્ઠ છે, ત્યાગની શાંતિ પ્રાપ્ત થાય છે; તું ભક્તિભાવથી, શુદ્ધ ચિત્તથી મને માત્ર પત્ર, પુષ્પ, ફળ, કે જળ આપીશ તો પણ હું સ્વીકારીશ. ભક્ત માટે ભગવાન કેટલા નાના થઈ જાય છે ! સમગ્ર સૃષ્ટિના સંચાલક ભક્તથી જ નીચા આસને બેસવા તૈયાર છે!

જે ભક્ત આ શક્તિ વગરનો છે એ ભક્ત મને પ્રિય છે. જે વેરરહિત છે, મારે પારાયણ રહે છે, જે મને શ્રદ્ધાથી ઉપાસે છે, અનન્ય રોગથી જે સતત મારું ધ્યાન ધરે છે, જે દયાળું છે, સુખદુઃખને સમાન ગણે છે, વળી જે સંતોષી છે, મન વશ રાખનારો છે, જે ઉદ્વેગ રાખતો નથી, સ્પૃહા વગર છે, શુભ-અશુભ ત્યાગનાર છે, હર્ષ-શોક કરતો નથી, મનનશીલ હોય, સમભાવ રાખનાર હોય, સ્થિરબુદ્ધિવાળો હોય - એ ઉપર કહેલા ગુણોમાંથી એક ગુણ પણ જે ભક્તમાં હોય તે ભક્ત મને અત્યંત પ્રિય છે. એવું શ્રીકૃષ્ણ ભગવાન કહે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં તો આખેઆખો બારમો અધ્યાય ભક્તિયોગનો તો છે જ પણ બીજા બધા અધ્યાયોમાં પણ ભક્ત, ભક્તિ અને ભગવાન વિશે સુંદર ચિંતન છે. ગીતામાં ભક્ત શબ્દ ચૌદ વખત, ભક્તિ શબ્દ દસ વખત અને ભગવાન શબ્દ કુલ ઓગણત્રીસ વાર આવે છે એ જ એની મહત્તા સાબિત કરે છે. શ્રીકૃષ્ણ આપણને નજરમાં રાખી અર્જુનને કહે છે : તું મારામાં મનવાળો, મને પૂજનારો મારો ભક્ત થા, મને નમસ્કાર કર, તું મને જ પામીશ. તારી આગળ હું સત્ય પ્રતિજ્ઞા કરું છું, કેમ કે મારા ભક્તો મને પ્રિય છે. હે કુંતીપુત્ર ! તું નિશ્ચય જાણ કે, 'ન મેં ભક્તઃ પ્રણશ્યતિ' મારો ભક્ત કદીય નાશ પામતો નથી.

જય ભગવાન.

તીખું મરચું :

આખો દિવસ જે સામે મળે તેને કહેવાનું : જય શ્રીકૃષ્ણ ! જય શ્રીકૃષ્ણ ! પણ આચરણ દુર્યોધન જેવું કરવાનું - ભગવાન રાજી રહે ખરા ?

એક અસ્તિત્વની હૂંફ : યુવાકાળની ઊર્મિસભર – સંવેદનશીલ વાર્તાઓ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ ગુજરાતી સાહિત્યમાં મૂલ્યવાન કહી શકાય એવી ટૂંકીવાર્તાઓ બહું ઓછી લખાય છે. આજે ધૂમકેતુ, મડિયા કે પન્નાલાલ જેવી વાર્તાઓ નથી લખાતી કે નથી લખાતી સુરેશ જોશી કે મધુ રાય જેવી. છેલ્લા ૨૫/૩૦ વર્ષથી ટૂંકીવાર્તાનું ક્ષેત્ર પ્રયોગની દૃષ્ટિએ સાવ ખાલી છે. બક્ષી અને મધુરાય પછી ટૂંકીવાર્તાના વહેણને કોઈ વાર્તાકાર બદલી શક્યો નથી. હા, થોડી એબ્સર્ડ વાર્તાઓ લખવાના પ્રયોગો થયા છે. પણ એ બધા દૂર્બોધતામાં સરી જતા વાર્તાતત્વ બચાવી શક્યા ન હોવાને કારણે કાળના પ્રવાહમાં વિલિન થઈ ગઈ છે. આમ છતાંય એમ ના કહી શકાય કે અત્યારે સારી વાર્તાઓ નથી લખાતી. આજના ઘણા વાર્તાકારો ઉત્તમ વાર્તાઓનું સર્જન કરી રહ્યા છે. પરંતુ કોઈ વાર્તાકાર પોતાનો નવો ચીલો ચાતરી શક્યો નથી. એ પણ હકીકત છે.

આજના સમયે જ્યારે મોટાભાગના સર્જકો (કવિઓ) ગઝલ તરફ વળ્યા છે. રોજે રોજ અનેક ગઝલ સંગ્રહો છપાઈ રહ્યા છે ત્યારે આ વાર્તાસંગ્રહ પ્રગટ થતો હોય ત્યારે એને આવકારવો જોઈએ. કેમ કે આ એક આનંદની ઘટના છે. લેખક અમૃત પટેલનું આ પ્રથમ પુસ્તક છે. સાહિત્યની દુનિયામાં તેમનું આ પહેલું કદમ છે. તેથી તેને આંગળી પકડીને ચલાવવું એ પણ આપણા સૌનું કર્તવ્ય છે.

સાહિત્ય સર્જન એ કોઈ ધર્મ, જાતિ કે વ્યવસાયને આધારિત નથી. સાહિત્ય સર્જન પ્રત્યેક સંવેદનશીલ વ્યક્તિ કરી શકે છે. આપણે ત્યા સરકારમાં સેવારત હોય એવા અધિકારીઓની કલમયાત્રાની એક અલગ જ પરંપરા રહી છે. એમાં બે રીતની ગુણવત્તા જોવા મળે છે એક પદ આધારિત અને બીજી કલમ આધારિત.

શ્રી અમૃત પટેલ સરકારી અધિકારી હોવા છતાંય કલમ આધારિત સર્જનયાત્રાનો આ પહેલો પડાવ આપણી સામે લઈને આવે છે. 'એક અસ્તિત્વની હૂંફ' આ વાર્તાસંગ્રહમાં ત્રીસેક જેટલી ટૂંકીવાર્તાઓ છે જે મોટેભાગે " કુમાર, સખી, દિવ્ય ભાષ્કર, જય હિંદ, સ્ત્રી.. વગેરેમાં પ્રગટ થઈ ચૂકેલી છે. પ્રથમ વાર્તા 'ગુણવંતી' માં લેખક કોઈપણ ઘટના, કથા કે પ્રસંગ લીધા વિના માત્ર સંવેદનના બળથી વાર્તા રચવામાં સફળ રહે છે. વાર્તાની વાત સામાન્ય છે દીકરીની રાહ જોતા પિતાની સંવેદના – બસ આ જ વાર્તાતત્વ છે. પણ ભાવની સંવેદનપૂર્ણ અભિવ્યકિત ભાવકોને પણ સંવેદનશીલ બનાવે છે. 'કુમાર' સામયિકમાં પ્રગટ થયેલી આ વાર્તા એના ભાષાબળ અને સંવેદનશીલતાને કારણે ભાવપૂર્ણ બની રહે છે. 'બટમોગરો' કુટુંબનો વંશવેલો આગળ વધારવાની વાત લઈને આવતી આ વાર્તા પણ પરંપરિત શૈલીમાં પરંતુ એકદમ સંવેદનાત્મક રીતે આલેખાયેલી છે. સાવ સરળ અને સાદી ભાષામાં આખા પરિવારને જેઓ માતા પિતામાંથી સાસુ સસરા બને છે. એમને અને જે દીકરીમાંથી પત્ની બનીને બીજે ઘેર જાય છે સૌ કોઈને એક પ્રેરણાત્મક સંદેશ આપતી આ વાર્તા છે. અભિલાષાની પત્ની તરીકેની ભૂમિકા આજના યુગની પરિણિત સ્ત્રીઓ માટે નાજૂક સ્તરે સમજવા જેવી છે. 'ઝૂરાપો' એક સાવ નાની લઘુકથા નહી એવી વાર્તા છે જેમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી માનો દીકરા પ્રત્યે ઝૂરાપો વ્યક્ત થાય છે. પણ એને અહી લેખકે પક્ષીનો માળો અને પક્ષી ઊડી જવાના કલ્પન સાથે રજું કરીને એક ભાવનાત્મક વાત રચી છે. 'સહારો' માં વર્તમાનમાંથી ભૂતકાળ તરફની ગતિની કથા છે. સુરભિ, આલય અને કેતનના લાગણીભર્યા સંબંધોની વાત, તો વળી કેતન અને હેમાંગીની લાગણી, અકસ્માતે કેતનના પપ્પાના પગ જવા અને વ્યક્તિગત પ્રેમનો ત્યાગ કરીને પિતાની સારવાર - સેવા કરતી અને અંતે સુરભિ સાથે ઘર જેવો સંબંધ બંધાવવો - અંતે કેતનનું પણ મૃત્યુ થવું. તેના પગ વિનાના પિતા પરબતસિંહને સુરભિનું દીકરી સ્વરૂપે મળવું. આમ આ વાર્તામાં પાત્રો, સંબંધો, અકસ્માતો, મૃત્યુ અને ભાવાત્મકભાષાથી ફરી એકવાર સંવેદનશીલ વાર્તાને સરળ શબ્દોમાં ગૂંથવામાં આવી છે. " શમણાંની રાખ " એકદમ ફિલ્મી ઢબની આદર્શવાદી કથા છે. માતા પિતા વિનાની, કાકા કાકીના હાથે વેચાઈ ગયેલી એક અસહાય યુવતિને મવાલીઓના હાથેથી બચાવીને પોતાને ઘેર લાવી રાખનાર શ્રવણના ગ્રામસંસ્કારની વાત છે. ઘરડીમાની સેવા કરીને સૌના દિલ જીતી લેતી રેણુ અને અંતે કથામાં અચાનક તોફાનો ફાટી નીકળવા અને શ્રવણનું મૃત્યુ અને દુઃખદ અંત... માનો કે રેણુનો સહારો કોણ ? એવો મોટો પ્રશ્ન આપણી આવીને ઊભો રહે છે. કે પછી બન્ને એકબીજાનો સહારો ? એમ ફિલ્મીઢબે વાર્તાનો અંત એક પીડા વેદના ભાવકોના મનમાં મૂકી દે છે.

'પ્રતીક્ષા' પણ કોઈ જુની ફિલ્મ જેવી વાર્તા છે. અહીં પારિવારિક પ્રશ્ન છે. બાપ પેટે પાટા બાંધીને દીકરાને ભણાવી ગણાવીને ડૉકટર બનાવે પછી એ જ દીકરો મોટો થઈને પોતાના માતા પિતાને સાથે ના રાખે તેની સંવેદના વ્યક્ત થઈ છે. જો કે આવી કથાઓ ખુબ જ લખાઈ છે. અહીં કશું જ નવું બનતું નથી. જેમ જેમ કથા વંચાતી જાય છે તેમ તેમ વાચક આગળનું વિચારતો જાય છે તેમ જ બનતું જાય છે. 'અંજામ' એક મુસ્લિમ પરિવારની કથા લઈને આવે છે. જુબેદા અને ઝાહિદના ઈશ્કની વાત, ઝાહિદનું આતંકવાદી હોવું અને ઝૂબેદા દ્વારા પોલીસને જાણ કરાવી સોસાયટીમાં થતી આતંકવાદી પ્રવૃતિઓનો અંત અને ઝાહિદને મોતને ઘાટ ઉતારવાની વાત સીધી સરળ શબ્દોમાં અભિવ્યક્ત થઈ છે. અહીં હિંદી શબ્દોનો વપરાશ બિનનરૂરી લાગે છે. 'એક અસ્તિત્વની હૂંફ' વાર્તામાં ઘટનાઓ ફટાફટ બનતી જાય છે. લેખક પોતે જ આખી વાર્તા કહી દે છે. કૉલેજ પુરી થવી, નોકરી મળવી, લગ્ન થવા, છૂટા પડવું, શહેરમાં તોફાનો થવા, મુકુંદનું ખોવાઈ જવું, (કે મૃત્યુ થવું?) કૌમુદીનું મુંબઈ જવું. પરત થવું... આ બધી ઘટનાઓ લેખક ખુદ કહે એના કરતા ઘટનાઓ ઘટે અને ભાવક જાતે એને જુએ એ રીતે દર્શાવાઈ હોત તો વાર્તા વધુ સારી બની શકી હોત. " કાળજે કોર્યું એક નામ " વાર્તા ૨૦/૨૫ વર્ષ પહેલાનો સમય લઈને આવે છે કેમ કે એમાં બે પાત્રો વચ્ચે પત્રો લખવાની વાત છે. ગ્રામ વાતાવરણમાં એક જ ફળિયે રહેતા હેમંત અને પુષ્પાના પ્રેમ અને પ્રતીક્ષાની વાત છે. બાળપણમાં પ્રેમની અભિવ્યક્તિ અને સ્વીકૃતિ પછી હેમંતનું શહેર જવું અને છેક સાત વર્ષે ગામડે આવી પુષ્પાને – સ્વીકારની અભિવ્યક્તિ છે. તો વળી 'બદલો' માં સારા કર્મનો બદલો ઈશ્વર સારો જ આપે છે. અને દુષ્કર્મનો બદલો દુઃખ. રફીકની શ્રદ્ધાથી એને એની આયેશા પાછી મળે છે. જીવનના હકારની વાર્તા બને છે. 'સર્વનાશ' એક મુસ્લિમ આતંકવાદી યુવાનની પ્રેમકથા છે. 'શકુબાઈનો ટેણિયો' એક જુદી સંવેદના લઈને આવે છે. આ વાર્તાની મુખ્ય નાયિકા કેતકી ૨૧મી સદીની યુવતિ છે જે લગ્ન પછી પણ કારકિર્દી બનાવવા



અનુસંધાન પાના નં.૭ પર

એક્ઝામ ટાઈમ : 'હાઉ' નહિ પણ 'હિંમત' જરૂરી છે...!

રગળપાટ
અજય ઉપાધ્યાય

હજુ હમણાં જ રંગબેરંગી ધૂળેટી પસાર થઈ ગઈ... વાસંતી વાયરાઓનું આગમન થઈ ચુક્યું છે ... એ મુઆ માર્ચ શરુ થઈ ચુક્યો છ...! એ મુઆ માર્ચ એટલા માટે કહ્યું કે આ મહિનામાં બે અભૂતપૂર્વ ઘટનાઓ પામર મનુષ્યજીવને વિહ્વળ કરી મુકવા માટે તૈયાર હોય છે ...! જી હા અને આ બંને અભૂતપૂર્વ ઘટનાઓની જો અગાઉથી તૈયારી ના કરી હોય તો પત્યું... સર્વત્ર ટેન્શન ટેન્શનનો માહોલ છવાય જવાનો ....ખાસ કરીને ઘરમાં...! આ બંને ઘટના છે માર્ચ એન્ડીંગ + ઈન્કમટેક્ષ લફરા અને બીજી ઈમ્પો ઘટના છે બોર્ડની પરીક્ષાઓ...! પહેલાવાળું બાપ્પાને જંપવા ના દે અને બોર્ડ વાળું બાબા કે બેબીને...! જો કે ઈન્કમટેક્ષ કે માર્ચ એન્ડીંગવાળું તો ઠીક કે ફક્ત પાપાને પરેશાન કરી મુકે પણ આ સાલ્લ્લું બોર્ડવાળું તો આખાયે ઘરને અને ઘરની સાથેસાથે સગા-વહાલા, આડોશી-પાડોશી બધાને ટેન્શન આપી દે...! 'બેટા, આ બટેટા-પૌવા આમ ને આમ ઠરીને ઠીકરું થઈ ગયા ... હવે છેલ્લે-છેલ્લે કેટલુક વાંચી લેવાની તું ? ...'ઓ પીકુ, પેલા વી.સર વાળા આઈએમપી વોટ્સઅપ કર ને ...!! ' ....' એક વિષયના ત્રીસ લેખે લાખેક ખર્ચ્યા છે ટયુશનમાં,,,જોઈ હવે શું રીઝલ્ટ આવે છે ..? ' : બસ હવે પંદર દિવસ કાઢવાના છે ..પછી તું'ય છુટ્ટો અને અમે'ય કાઈક હાશકારો કરીએ '....; આ અને આવા સેમ્પલ સંવાદો ૧૨ માર્ચથી શરુ થતી બોર્ડ પરીક્ષામાં અંદાજે પંદરેક દિવસ સંભળાશે !... વેલકમ ટુ ધ વર્લ્ડ ઓફ એક્ઝામ્સ... ઈમ્તિહાન્સ... પરીક્ષાઝ...!

'જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ ...' જી હા જીંદગીમાં ડગલેને પગલે અનેકો જંગ, ઈમ્તિહાન કે પરીક્ષાઓ આવતી રહેતી હોય છે અને વી ધ પીપલ બચ્ચાવને એની આગોતરી પ્રેકટીસ માટે બોર્ડની પરીક્ષાઓનું સહેલું પેપર અઘરું કરીને ભણાવતા હોઈએ છીએ...! ના સમજાયું ને? માર્કશીટમાં પાસ કે નાપાસનો થપ્પો લગાવવો આપણા માટે એટલો અગત્યનો છે કે બોર્ડની એક્ઝામ અને ખાસ કરીને ૧૦માં ની એક્ઝામને આપણે એવી રીતે ટ્રીટ કરીએ છીએ કે જાણે ૧૦ પછી કોઈ એક્ઝામ જ નથી આવવાની. ઠીક છે કે વિદ્યાર્થી તરીકે બાળક શું ભણ્યું એનું મૂલ્યાંકન આવી પરીક્ષાઓ કરે છે પણ સાથે સાથે એ પણ અગત્યનું છે કે એ કોઈ સફળતાનું સર્ટી નથી, કેમકે આગે ઔર ઈમ્તિહાન અબ ભી બાકી હૈ ...! બાળક સારું ભણે કે હોશિયાર બને કે પરીક્ષામાં અવ્વલ આવે એ તો મને ને તમને એઝ એ પેરન્ટ સો ટકા ગમે જ પણ આજકાલના ગોખણીયા અને ટયુશનીયા શિક્ષાગ્રહણ જમાનામાં જો આપણે એ ટકાવારી કે માર્કસને જ સ્ટેટ્સ સિમ્બોલ બનાવી લઈએ કે 'ઓછામાં ઓછા ૮૦ થી ઉપર તો ટકા આવવા જ જોઈએ' આવું પ્રેસર બાળક પર નાખીએ તો આગળની ઈમ્તીહાનો બચ્ચું કેવી રીતે ક્લીયર કરવાનું...? બાળકની લર્નિંગ કેપેસીટી જાણ્યા વગર વધુનો આગ્રહ રાખનાર પેરેન્ટ્સ જ અમુક અંશે બાળકની નિષ્ફળતા માટે જવાબદાર હોય છે... વાંક પરીક્ષાર્થીનો છે કે પછી આપણી (વધુ પડતી કે સમજ્યા વગરની) અપેક્ષાઓનો? આ સવાલ ૧૦૦ માર્કનો છે અને છે પણ ફરજીયાત!

ઓકે આઈ એગ્રી કે જમાનો બહુ જ કોમ્પીટેટીવ છે અને સાથેસાથે એ પણ સાચું છે કે હવે ઓછા ટકા સાથે સારું ભણવું લગભગ અઘરું થઈ ગયું છે અને એટલા માટે ભલે ટોપર નહિ તો પણ સ્પર્ધામાં રહી શકો એટલું તો રીઝલ્ટ લાવવું જ પડે પણ એ માટે માત્રને માત્ર એક્ઝામ રીઝલ્ટ જ ઓથેન્ટિક છે એવું માનવું જરા ભૂલભરેલું છે . આઈ મીન એક્ઝામનું જે પણ રીઝલ્ટ આવે એ ખરેખર તો એક નવી શરૂઆત ગણા